રજૂ તારીખ : ૧૪/૦૯/૨૦૨૩
દાખલ તારીખ : ૧૪/૦૯/૨૦૨૩
નિકાલ તારીખ : ૨૦/૦૯/૨૦૨૩
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૬

**<u>ભાવનગરના મહે. એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.</u>**

**<u>પરચુરણ ફોજદારી અરજી નં.૧૧૬૫/૨૦૨૩</u>**

**આંક : ૦૭**

**અરજદાર :** **મહમદહનીફ અબ્દુલસતાર તેલીયા,**
ઉ.વ.આ.પર, ધર્મે–મુસ્લીમ,
રહે. પ્લોટ નં.સી/૧૩૫, ખોડીયાર સોસાયટી,
નવી માણેકવાડી, શીશુવીહાર સર્કલ પાસે,
ભાવનગર.
હાલ : જિલ્લા જેઈલ, ભાવનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** શ્રી સરકાર

**બાબત : ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ હેઠળ રેગ્યુલર જામીન પર મુકત કરવા અંગે.**

**ચાર્જ : ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪, ૩૦૪(ક) તથા મોટર વેહીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૮૧(૩), ૧૮૯, ૧૯૯–એ(૧),૧૯૯–એ(૨), ૧૯૯–એ(૩), ૧૯૯–એ(૪), ૧૯૯–એ(૫) મુજબ.**

**સંદર્ભ : નિલમબાગ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૧૨૩૦૩૧૮/૨૦૨૩**

**અરજદાર તરફે :** વિ.વ.શ્રી એ.એ.વકીલ/આઈ.એમ.શેખ.
**મુળ ફરિયાદી તરફે :** વિ.વ.શ્રી વી.આર.દેવમુરારી.
**સામાવાળા તરફે :** વિ.એ.જી.પી.શ્રી વી.જી.માંડલીયા.

**<u>–: ચુકાદો :–</u>**

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪, ૩૦૪(ક) તથા મોટર વેહીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૮૧(૩),

૧૮૯, ૧૯૯–એ(૧), ૧૯૯–એ(૨), ૧૯૯–એ(૩), ૧૯૯–એ(૪) અને ૧૯૯–એ(૫) મુજબના ગુનાઓ અન્વયે સી.આર.પી.સી. કલમ ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા દાખલ કરેલ છે.

(૨) હાલની અરજી અનુસંધાને નોટીસ કાઢતા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી વી.જી.માંડલીયા હાજર થયેલ છે અને મુળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી વી.આર.દેવમુરારી હાજર થયેલ છે અને તેઓએ આંક–૬ થી લેખિત વાંધા રજુ કરેલ છે અને સરકાર તરફે આંક–૫ થી તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, સદર ગુન્હાના કામે સૌપ્રથમ તા.૧૧/૬/૨૦૨૩ ના રોજ અરજદાર/આરોપીના સગીર પુત્ર અબ્દુલ રહેમાન હનીફભાઈ તેલીયાની સામે ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવેલ હતી અને ત્યારબાદ સદર ગુન્હાના કામે તપાસ કરનાર અધિકારીએ તા.૮/૭/૨૦૨૩ ના રોજ ભાવનગરના મહે. છઠ્ઠા એડી. ચીફ જયુડી. મેજી.શ્રીની કોર્ટમાં ઈ.પી.કો. કલમ ૩૦૪(ક) તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૧(૩), ૧૮૯, ૧૯૯(એ)(૧) થી ૧૯૯(એ)(૫) મુજબનો ઉમેરો કરવા તથા અરજદાર/આરોપીને સદરહું ગુન્હાના કામે આરોપી તરીકે ઉમેરવા માટેની અરજી કરેલ હતી જેના અનુસંધાને નામ. કોર્ટે તા.૧૦/૭/૨૦૨૩ ના રોજ સરકારી વકીલશ્રીને સાંભળી તથા તપાસના કાગળો ઘ્યાને લઈ સદરહું ગુન્હાના કામે કલમનો ઉમેરો કરવા માટે તપાસ કરનાર અધિકારીશ્રીનો રીપોર્ટ એફ.આઈ.આર. સાથે રાખવાનો હુકમ ફરમાવેલો જે હકીકત ઘ્યાને લઈ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે,

આ કામના અરજદાર/આરોપી સામે મુખ્યત્વે એવો આક્ષેપ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીના સગીર સંતાને બેફીકરાઈથી તેમજ સામાન્ય જનજીવન જોખમાય તે રીતે સ્વીફ્ટ કાર ચલાવી ગુજરનાર સુરેશભાઈ જયમતમલ કુકરેજાના એકટીવા સાથે તા.૧૧/૬/૨૦૨૩ ના રોજ સવારના ૬–૩૦ કલાકે જવેલ્સ સર્કલ પાણીની ટાંકી પાસે અકસ્માત કરી આ સુરેશભાઈ કુકરેજાનું મોત નિપજાવેલ હતુ તથા આ કામના અરજદાર/આરોપીએ પોતાનો દિકરો અબ્દુલરહેમાન સગીર છે તેમ જાણતા હોવા છતાં તેમને ફોરવ્હીલ ચલાવવા આપેલ અને આ સિવાય આ કામના અરજદાર/આરોપી સામે પ્રત્યક્ષ ફરિયાદમાં કે ચાર્જશીટમાં કોઈ આક્ષેપો કરવામાં આવેલ નથી જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, સદર ગુન્હાના કામે કલમનો ઉમેરો ખોટી રીતે કરવામાં આવેલ હોય અરજદાર/આરોપીએ નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સી.આર.પી.સી. કલમ ૪૮૨ અન્વયે સ્પે.ક્રિ.એપ્લીકેશન નં.૯૪૭૧/૨૦૨૩ થી વાદગ્રસ્ત ફરિયાદ પોતાના પુરતી રદ્દ કરવા અરજી કરેલ હતી જે તા.૩૧/૭/૨૦૨૩ ના રોજ પરત ખેંચવામાં આવેલ હતી અને અરજદાર/આરોપી ધ્વારા મહે. એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં પ.ફો.અ.નં.૯૫૩/૨૦૨૩ થી આગોતરા જામીન ઉપર મુકત થવા માટે અરજી કરેલી જે નામ. કોર્ટ ધ્વારા રદ્દ કરવામાં આવેલી અને ત્યારબાદ અરજદાર/આરોપીએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં પ.ફો.અ. નં.૧૪૫૬૮/૨૦૨૩ થી આગોતરા જામીન મેળવવા માટે અરજી દાખલ કરેલ જેની સુનવણી તા.૨૧/૮/૨૦૨૩ ના રોજ મુકરર કરવામાં આવેલ પરંતુ તપાસ કરનાર અધિકારી ધ્વારા અરજદાર/આરોપીને તા.૧૮/૮/૨૦૨૩ ના રોજ અટકાયત કરવામાં આવતા તેઓને તા.૧૯/૮/૨૦૨૩ ના રોજ ભાવનગરના

મહે. છઠ્ઠા એડી. ચિફ જયુડી. મેજી. સાહેબ સમક્ષ રજુ કરેલ અને કોઈ રીમાન્ડની માંગણી કરવામાં આવેલ નથી અને અરજદાર/આરોપીએ પ.ફો.અ.નં .૮૬૨/૨૦૨૩ થી રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે સી.આર.પી.સી. કલમ ૪૩૭ અન્વયે અરજી કરેલીહતી જે નામ. કોર્ટ ધ્વારા તે જ દિવસે રદૃ કરવામાં આવેલ અને ત્યારબાદ આ કામના અરજદાર/આરોપીએ ચાર્જશીટ પહેલા ભાવનગરના મહે. એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ પ.ફો.અ.નં.૧૦૭૯/૨૦૨૩ થી તા.૨૮/૭/૨૦૨૩ ના રોજ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે અરજી કરેલ હતી જે નામ. કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ હતી ત્યારબાદ સદર ગુન્હાના કામે તપાસ કરનાર અધિકારી ધ્વારા તા.૧૧/૯/૨૦૨૩ ના રોજ તપાસ પૂર્ણ કરી ભાવનગરના મહે. છઠ્ઠા એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરતા ફોજદારી કેસ નં.૧૧૦૧૮/૨૦૨૩ થી કમીટ થવા માટે પેન્ડીંગ છે જે ઘ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ભાવનગર ખાતે પોતાના કુટુંબની સાથે જન્મથી વસવાટ કરે છે તથા વેપાર ધંધો કરી પોતાનું તથા પરિવારજનોનું ગુજરાન ચલાવે છે અને ભુતકાળમાં આ કામના અરજદાર/આરોપી સામે કોઈ ગુન્હો નોંધાયેલ નથી અને તા.૧૧/૬/૨૦૩ ના રોજ સવારના ૬–૦૦ કલાકે જયારે કહેવાનો અકસ્માતનો બનાવ બનવા પામેલ છે ત્યારે અરજદાર/આરોપી પોતાના ઘરે સુતા હતા અને તેમની કોઈપણ માહિતી કે સુચના વગર તેમના સગીર પુત્ર અબ્દુલરહેમાન જીજે ૦૪ સીએ ૬૦૦૩ વાળી સ્વીફ્ટ કાર લઈને ઘરેથી ચાલ્યા ગયા હતા અને સવારના આશરે ૬–૩૦ કલાકે આ કામના અરજદાર/આરોપીને તેમના સગીર પુત્ર અબ્દુલરહેમાનની સાથે કહેવાતો અકસ્માતનો બનાવ બનેલ હોવાની જાણ

થયેલ. આમ, અરજદાર/આરોપી બનાવવાળા સ્થળ ઉપર રહેવાતો બનાવ બનેલ ત્યારે હાજર ન હતા કે આ સ્વીફટ કાર નં. જીજે ૦૪ સીએ ૬૦૦૩ તેઓ ચલાવતા ન હતા કે પછી આ સ્વીફટ કાર ચલાવવા માટે તેમના સગીર પુત્ર અબ્દુલ રહેમાને તેમની પાસેથી કોઈ પરમીશન મેળવેલ ન હતી કે આ કામના અરજદાર/આરોપીની કોઈ સુચના તેમના સગીર પુત્રને આ ફોરવ્હીલ વાહન ચલાવવા માટે આપવામાં આવેલ ન હતી જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, સદર બનાવ બન્યા બાદ નિલમબાગ પોલીસ સ્ટેશન સમક્ષ ગુજરનાર સુરેશભાઈ કુકરેજાના પંત્ર સાહિલ કુકરેજા કે જેઓ બનાવ બન્યો ત્યારે સ્થળ ઉપર હાજર ન હતા અને બનાવ બન્યા બાદ તરત સ્થળ ઉપર સવારના ૬–૩૦ કલાકે પહોંચી ગયેલા હતા તેઓએ ખુબ જ વિલંબથી સવારના ૧૦–૩૦ કલાકે આ કહેવાતા બનાવ અનુસંધાને પોતાની ફરિયાદ નોંધાવેલ હતી અને ફરિયાદ તથા ચાર્જશીટ સાથે રજુ થયેલા કાગળોનો અભ્યાસ કરવામાં આવે તો અરજદાર/આરોપીનો સદર ગુન્હાના કામે કોઈ રોલ જણાઈ આવતો નથી જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, તેમજ સદર ગુન્હો નોંધાયા બાદ તપાસ કરનાર અધિકારીશ્રીએ ખુબ જ વિલંબથી એટલે કે આશરે એક માસના સમય પછી તા.૮/૭/૨૦૨૩ ના રોજ બનાવના અનુસંધાને એક નવી જ બાબતને આધાર બનાવી એક વિગતવાર રીપોર્ટ કલમ ઉમેરો કરવા તથા આ કામના અરજદાર/આરોપીને આરોપી બનાવવા માટે ભાવનગરના છઠ્ઠા એડી. ચિફ જયુડી. મેજી.શ્રીની કોર્ટમાં રજુ કરેલ તેમાં ફરિયાદીએ પોતાની ફરિયાદમાં બનાવના અનુસંધાને કોઈ રેસીંગ બાબતની વાત

કરેલ ન હોવા છતાં ફરિયાદને ગંભીર સ્વરુપ આપવા માટે અરજદાર/આરોપીના પુત્ર રેસીંગ કરતા હતા તેવો આક્ષેપ કરવામાં આવેલ છે અને નામ. કોર્ટ ધ્વારા અરજદાર/આરોપીને આરોપી બનાવવા માટેનો કોઈ વિગતવાર હુકમ કરેલ નથી જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને અરજદાર/આરોપી સામેનો ફોજદારી કેસ નં.૧૧૦૧૮/૨૦૨૩ થી કમીટ થવા માટે પેન્ડીંગ છે અને તપાસ કરનાર અધિકારીએ આખરી અહેવાલ રજુ કરેલ છે તેમાં સાહીલભાઈ સુરેશભાઈ કુકરેજાની ફરિયાદ ધ્યાને દોરી એવી રજુઆત કરેલ છે કે, તેમાં માત્ર એવી હકીકત ખુલવા પામેલ કહેવાતા બનાવના દિવસે સ્વીફ્ટ કાર નં.જીજે ૦૪ સીએ ૬૦૦૩ અરજદાર/આરોપીનો સગીર પુત્ર અબ્દુલરહેમાન હનીફભાઈ તેલીયાને સગીર હોવા છતાં ચલાવવા આપેલ હતી પરંતુ આ બાબતે તપાસ કરનાર અધિકારીએ વિશેષમાં ફરિયાદીને કેવી રીતે જાણવા મળ્યુ એટલે કે સગીર પુત્ર અબ્દુલરહેમાન હનીફભાઈ તેલીયા કહેવાતી ગાડી તેમની મરજીથી સવારે છ વાગે લઈને નીકળી ગયા હતા કે પછી આ બાબતની સુચના તેઓએ તેમના પિતાશ્રીને કરેલ હતી તે બાબતની કોઈ તપાસ કરેલ નથી જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ સાહીલ સુરેશભાઈ કુકરેજાનું તા.૧૧/૬/૨૦૨૩ નું વિશેષ નિવેદન ધ્યાને દોરી એવી રજુઆત કરેલ છે કે, તેમાં ફરિયાદી સંપૂર્ણપણે ફરિયાદને નવો વળાંક આપતા હોય તેમ નવી બાબત તેમના નિવેદનમાં જાહેર કરેલ છે અને ફરિયાદમાં તેઓ સ્વૈચ્છાએ જણાવે છે કે, કહેવાતા બનાવમાં માત્ર ખાલી સ્વીફ્ટ કાર નં. જીજે ૦૪ સીએ ૬૦૦૩

સંડોવાયેલ છે પરંતુ આ નિવેદનમાં તેઓ પાછળથી અન્ય એક કાર પણ અકસ્માતમાં સંડોવાયેલ હોય ફરિયાદની જેમ આમાં પણ એવો આક્ષેપો કરવામાં આવેલ હતા કે, અરજદાર/આરોપીને તેમના પુત્ર અબ્દુલરહેમાન તેલીયા સગીર હોવાની જાણ હોવા છતાં આ ગાડી તેઓ ચલાવતા હતા પરંતુ તે બાબતે તપાસ કરનાર અધિકારીશ્રીએ કોઈ તપાસ કરેલ નથી.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ તપાસ કરનાર અધિકારીનો તા.૮/૭/૨૦૨૩ ના રોજનો કલમ ઉમેરાનો રીપોર્ટ ધ્યાને દોરી રજુઆત કરેલ છે કે, આ રીપોર્ટમાં એવી કોઈ બાબત જણાઈ આવતી નથી કે, સગીર અબ્દુલરહેમાન તેલીયા પોતાના પિતાની પરવાનગીથી કહેવાતું વાહન જીજે ૦૪ સીએ ૬૦૦૩ ચલાવતા હતા કે કેમ? અને તપાસ કરનાર અધિકારીશ્રીને ફરિયાદ ઉપરથી અરજદાર/આરોપીની સંડોવણી ધ્યાને આવી હોવા છતાં સદરહું રીપોર્ટ અન્વયે કરવામાં આવેલ હુકમ થયો ત્યાં સુધી અરજદાર/આરોપીની ધરપકડ કરવામાં આવેલ ન હતી કે તેઓનું કોઈ નિવેદન પણ નોંધવામાં આવેલ ન હતુ અને આ રીપોર્ટમાં તપાસ કરનાર અધિકારીને બનાવ અનુસંધાને નવી બાબત જાણવા મળેલ હોય જે ફરિયાદ કરતા અલગ પડતી હોય અને તેમાં અરજદાર/આરોપીનો કોઈ રોલ ખુલવા પામેલ ન હોય તે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ ઈન્કવેસ્ટ પંચનામું ધ્યાને દોરી એવી રજુઆત કરેલ છે કે, ઈન્કવેસ્ટ પંચનામા ઉપરથી ફરિયાદી સ્થળ ઉપર હાજર હોવા છતાં તેઓના પિતાશ્રી સાથે કઈ ગાડી ભટકાયેલી અને અકસ્માતના કારણે તેમનું મૃત્યુ થયુ હોય તેવી કોઈ બાબત જણાવતા નથી અને અરજદાર/આરોપી સામે કોઈ આક્ષેપ કરેલ નથી જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ

છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, સી.સી.ટી.વી. કેમેરા ફુટેજ કબજે કર્યા અંગેનું પંચનામું તથા અટક પંચનામું ધ્યાને દોરી એવી રજુઆત કરેલ છે તેમાં આ કામના આરોપી સામેના આક્ષેપ મુજબની કોઈ હકીકત જણાઈ આવતી નથી જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, સાહેદ ગગનદાસ જમીયતમલ કુકરુજા, લીલારામ દાદુમલ રામરખીયાણી, ભાવેશ ગાગનદાસ કુકરેજા, પંકજભાઈ અર્જુનભાઈ કટારીયા, હર્ષભાઈ બલરામભાઈ સચદવ, સુનીલભાઈ ભાવનભાઈ કુકરેજા, વિજયભાઈ ભવાનભાઈ કુકરેજા તથા ફૈઝાન મહમદહુસેન ધોળીયાના નિવેદનો ધ્યાને દોરી એવી રજુઆત કરેલ છે કે, તેઓના નિવેદનોમાં સગીર અબ્દુલરહેમાન તેલીયા આ વાહન ચલાવતા હતા તે બાબતની તેમના પિતાશ્રી એટલે કે આ કામના અરજદાર/આરોપીને જાણ હતી તેવી કોઈ હકીકત ખુલતી નથી જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ ચાર્જશીટના કાગળોમાં રજુ દસ્તાવેજો ધ્યાને દોરી એવી રજુઆત કરેલ છે કે, ભારતીય પુરાવા અધિનિયમ ૬૫-ખ મુજબના પ્રમાણપત્રમાં અરજદાર/આરોપી વિરુધ્ધ કોઈ આક્ષેપો કરાયેલ નથી તેમજ પી.એમ. રીપોર્ટ કોલમ નં.૨૩ મુજબ મૃત્યુનું કારણ શરીર ઉપર થયેલ ઈજાઓના કારણે હેમરેજના કારણે તેવો અભિપ્રાય લખાયેલ છે અને પી.એમ. રીપોર્ટમાં એકસીડેન્ટ થયા અંગેની કોઈ બાબત જણાવેલ નથી, તેમજ એફ.એસ.એલ.ને મોકલવામાં આવેલ સેમ્પલના પત્રમાં માત્ર બ્લડ સેમ્પલ કલેકટ કરી મોકલવામાં આવેલ તે સિવાય કોઈ હકીકત ખુલવા પામતી નથી,

તેમજ સ્થળ પરિક્ષણ અહેવાલમાં અરજદાર/આરોપી સામે કોઈ આક્ષેપ કરવામાં આવેલ નથી, તેમજ મુદ્દામાલ રવાનગી યાદીમાં અરજદાર/આરોપીને આરોપી તરીકે દર્શાવવામાં આવેલ નથી અને અરજદાર/આરોપી સામે કોઈ આક્ષેપ કરવામાં આવેલ નથી અને અરજદાર/આરોપી પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી કરી એફ.એસ.એલ. ખાતે મોકલવામાં આવેલ નથી જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અબ્દુલરહેમાન તેલચાના નિવેદનમા કોઈપણ જગ્યાએ સગીર અબ્દુલ રહેમાને પોતાના પિતા પાસેથી ગાડી ચલાવવાની કોઈ મંજુરી લીધી હોય કે પછી તેમના પિતા તેમનો સગીર પુત્ર ગાડી ચલાવે તે બાબતે સંમતિ છે તેવી કોઈ હકીકત જણાવેલ નથી અને સગીર અબ્દુલ રહેમાન તેલીયાનુ તા.૧૩/૭/૨૦૨૩ ના રોજ પણ નિવેદન લેવામાં આવેલ છે પરંતુ તેઓને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી અને આ સાહેદનું નિવેદન કહેવાતા બનાવના આશરે દોઢ માસ પછી લેવામાં આવેલ છે અને દોઢ માસ સુધી ફરિયાદીને કેવી રીતે માલુમ પડેલ કે સગીર અબ્દુલરહેમાન તેલીયાને તેમના પિતાશ્રીએ સ્વીફટ કાર ચલાવવા આપેલી તે બાબતનું કોઈ રેકર્ડ ચાર્જશીટના કાગળોમાં જણાઈ આવતુ નથી અને તા.૧૫/૬/૨૦૨૩ ના રોજ લેવામાં આવેલ સગીર અબ્દુલરહેમાન તેલીયના નિવેદનમાં કોઈપણ જગ્યાએ તેમના પિતાએ ફોરવ્હીલ ગાડીની ચાવી આપેલ હોય કે તે બાબતે પરવાનગી આપી હોય તેવી કોઈ બાબત જણાઈ આવતી નથી પરંતુ વિશેષમૃ દોઢ માસ બાદ લીધેલા નિવેદનમાં ઉપરોકત બાબતો જાહેર થયેલી હોવાનું જણાય છે જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે,

ચાર્જશીટ સાથેના કાગળોનો અભ્યાસ કરવામાં આવે તો તેમાં જે કોઈ નિવેદનો લેવામાં આવેલ છે તેમાંના મોટા ભાગના નિવેદનોમાં હાલના અરજદાર/આરોપી બાબતે કોઈ ઉલ્લેખ નથી અને જેમાં ઉલ્લેખ છે તે હીઅર–સે પ્રકારનો છે અને તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસના કામે એવો કોઈ પુરાવો કબજે કરેલ નથી કે જે ઉપરથી અરજદાર/આરોપીની સ્પષ્ટ સંડોવણી ખુલતી હોય આ તમામ સંજોગો ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે અને અરજદાર/આરોપીએ કહેવાતો કોઈ ગુનો આચરેલ નથી અને અરજદાર/આરોપીનો ગુન્હો આચરવા માટેનો ઈરાદો પણ નથી અને અરજદાર/આરોપીને તપાસ કરનાર અધિકારી ધ્વારા ખોટી રીતે અટક કરવામાં આવેલ છે અને ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે, તેમજ તા.૧૧/૬/૨૦૨૩ ના રોજ કહેવાતો અકસ્માતનો બનાવ બનવા પામેલ ત્યારે અરજદાર/આરોપી બનાવ સ્થળે હાજર ન હતા કે બનાવમાં કોઈ ભાગ ભજવેલ ન હતો અને અકસ્માત કરનાર વાહન ચલાવતા ન હતા અને આ વાહન ચલાવવા માટે પોતાના સગીર સંતાન અબ્દુલરહેમાનને કોઈ સુચના પણ આપેલ ન હતી. આમ, મોટર વેહીકલ એકટની કલમ ૧૯૯(એ)ની જોગવાઈ ધ્યાને દોરી એવી રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારીએ ફરિયાદ તથા તા.૮/૭/૨૦૨૩ ના રીપોર્ટમાં કરેલ આક્ષેપોને સરખાવવામાં આવે તો માત્ર ખાલી ફીરયાદમાં તથા રીપોર્ટમાં એવું લખવાથી કે સગીરની જાણ હોવા છતાં તેમના વાલીએ આ ગાડી તેમને ચલાવવા આપી હતી તેથી કહેવાતો ગુન્હો અરજદાર/આરોપી સામે સાબિત થતો નથી અને ચાર્જશીટના કાગળો ઉપરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, અકસ્માત બનાવમાં સંડોવાયેલ વાહન સગીર તેમના પિતાશ્રીની સુચનાથી અને જાણકારીથી ચલાવતા ન હતા. આમ,

જયારે કાયદાએ પણ આ બાબતે અનુમાન કરવા માટેની મનાઈ ફરમાવેલ હોય ત્યારે ઉપરોકત તમામ હકકીતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને સદર ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદ વંચાણે લેવામાં આવે તો તા.૧૧/૬/૨૦૨૩ ના રોજ જે જગ્યાએ બનાવ બનેલ છે તે જગ્યાએ આ કામના ફરિયાદી બનાવ સમયે હાજર ન હતી અને સમગ્ર ફરિયાદ વંચાણે લેતાં બનાવની હકીકત કોની પાસેથી જાણવા મળેલી તે હકીકત ખુલવા પામતી નથી અને સમગ્ર ફરિયાદ હીઅર–સે નેચરની હોય તેવું જણાઈ આવે છે અને બનાવ બન્યા બાદ તુરંત જ બનાવવાળી જગ્યાએ પહોંચી જવા છતાં બનાવની હકીકતે ફરિયાદીએ વહેલામાં વહેલી તકે કોઈપણ પોલીસ અધિકારી સમક્ષ જાહેર કરેલ ન હતી અને ત્યારબાદ ખુબ જ વિલંબથી એટલે કે ચાર કલાકના વિલંબ બાદ બનાવની ફરિયાદ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં જાહેર કરેલી અને ફરિયાદીએ કહેવાતા બનાવના અનુસંધાને વિચાર વિમર્શ કરી ગોઠવીને ફરિયાદ કરેલ હોય તેવું ચાર્જશીટના કાગળો પરથી જણાઈ આવે છે જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, કહેવાતા બનાવના અનુસંધાને તા.૧૧/૬/૨૦૨૩ ના રોજ જે ફરિયાદ જાહેર થયેલી તેમાં આ કામના અરજદાર/આરોપીને તહોમતદાર તરીકે દર્શાવવામાં આવેલ નથી અને એક માસના વિલંબ બાદ તપાસ કરનાર અીધકારીએ તા.૮/૭/૨૦૨૩ ના રોજ કોર્ટમાં કરેલ રીપોર્ટમા પણ આ કામના અરજદાર/આરોપીને તહોમતદાર દર્શાવવા માટે શું તપાસ કરેલ છે તે બાબતે કોઈ ચોખવટ કરેલ નથી અને આ એક માસના સમયગાળા દરીમયાન પણ સી.આર.પી.સી. કલમ ૪૧ અન્વયે અરજદાર/

આરોપીને કોઈ સમન્સ પાઠવવામાં આવેલ હોય કે તપાસના કામે જવાબ નોંધવા માટે બોલાવવામાં આવેલ હોઈ તેવી કોઈ હકીકત રીપોર્ટમાં જણાઈ આવતી નથી અને ગુન્હાને ગંભીર સ્વરુપ આપવા માટે સગીર આરોપી અબ્દુલરહેમાન રેસ કરતા હતા તેવી નવી હકીકતો લખી રીપોર્ટ રજુ કરેલ અને આવી કોઈ હકીકત ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જાહેર કરેલ નથી અને સદર ગુન્હાના કામે આફટર થોટ હકીકતોને આધાર બનાવ અરજદાર/આરોપીને તહોમતદાર તરીકે દર્શાવવામાં આવેલ હોય તેવું ચાર્જશીટના કાગળો ઉપરથી જણાઈ આવે છે અને અરજદાર/આરોપીને પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના ફરિયાદી તથા તેમના પરિવારજનોએ કહેવાતા અકસ્માતમાં તેમના પિતાશ્રીને ગુમાવેલ હોય રૂા.૭૦,૦૦,૦૦૦/– નું વળતર મેળવવા માટે ભાવનગરના મહે. પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં એફ.એ.સી.પી. નં.૧૯૮/૨૦૨૩ દાખલ કરેલ છે અને તે કામે અરજીના પેઈજ નં.૪ ઉપર એવી હકીકત જાહેર કરેલ છે કે, '' આ અકસ્માત માત્ર સામાવાળા નં.૧ નાની ભુલ, બેદરકારી અને કસૂરના કારણે ઈમેજ એક સારા ડ્રાઈવર તરીકેની ફરજ નહીં બજાવતા બનવા પામેલ હતો આમ, ફરિયાદીએ તેઓની ફરિયાદ તથા વળતર મેળવવાની અરજીમાં અલગ–અલગ હકીકતો જાહેર કરેલ હોય ત્યારે આ કામના અરજદાર/આરોપીના કહેવાથી સગીર સંતાન અબ્દુલરહેમા અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવતા હતા તે બાબત શંકાસ્પદ બને છે જે હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે,

અરજદાર/આરોપી ભાવનગર ખાતે કાયમી રીતે વસવાટ કરે છે અને ઘરના ઘર ધરાવે છે અને કયાંય નાસી ભાગી જાય તેવી કોઈ શકયતા નથી તથા અરજદાર/આરોપી સામેનો કેસ સંપૂર્ણપણે સાંયોગીક પુરાવા ઉપર આધારિત હોય, સાક્ષીને તોડવા ફોડવાની કોઈ પરિસ્થિતિ ઉભી થાય તેમ નથી અને અરજદાર/આરોપીની ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની બાંહેધરી આપી આ કામના અરજદાર/આરોપીને સદર ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, તા.૧૧/૬/૨૦૨૩ ના રોજ સવારના ૬–૩૦ વાગ્યાના સમયે ફરિયાદીના પિતા મરણજનાર સુરેશભાઈ જયમતમલ કુકરેજા પોતાની એકટીવા મોટરસાયકલ જેના રજી. નં.જીજે ૦૪ બીએન ૪૫૯૩ ની લઈને માર્કેટીંગ યાર્ડ ખાતે જતા હતા અને કાળીયાબીડ પાણીની ટાંકીથી જવેલ્સ સર્કલ રોડ ઉપર આવેલ સરોવર પોર્ટીકો હોટલ સામે પહોંચતા પાછળથી આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે પોતાની સ્વિફ્ટ કાર જેના રજી. નં. જીજે ૦૪ સીએ ૬૦૦૩ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી આવી મરણજનારની એકટીવા સાથે ભટકાડી પછાડી દઈ ઢસડી ગંભીર ઈજા કરી, તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના પિતાએ પોતાનો દિકરો સગીર વયનો છે તેમ જાણતા હોવા છતાં પોતાની કાર ચલાવવા માટે આપી ગુનો કરેલ છે અને પોલીસે હાલની અરજીના અરજદાર/આરોપીને ગુનાના કામે અટક કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીનો દીકરો સગીર વયનો અબ્દુલરહેમાન મહમદહનીફ તેલીયાની ઉંમર ૧૬ વર્ષ ર મહિનાવાળાને અરજદાર/આરોપીએ પોતાની માલિકીની સ્વીફ્ટ કાર રજી. નં.જીજે ૦૪ સીએ ૬૦૦૩ ની ચલાવવા આપેલ છે અને કાયદાના સંઘર્ષમાં

આવેલ કિશોરે તે કાર પોતાના મિત્ર ફેઝાન સાથે રેસમાં પાણીની ટાંકીથી જવેલ્સ સર્કલવાળા રોડ ઉપર ચલાવી મરણજનારની એકટીવા સાથે પાછળથી ભટકાડી મરણજનારને એકટીવા સાથે આશરે ૬૦ મીટર સુધી ઢસડી મરણજનાર ઉપર કારનું ડાબી સાઈડનું આગળનું વ્હીલ ચડાવી દઈ ગંભીર ઈજા કરી મોત નીપજાવેલ છે અને તપાસ કરનાર અધિકારીએ તપાસના કામે એવી હકીકત એકત્રીત કરેલ છે કે, અરજદાર/આરોપીને સંતાનમાં ત્રણ દિકરા છે જેમાં મોટા દિકરાનું નામુ અબ્દુલ્લાભાઈ અબ્દુલહનિફ તેલીયા છે જેની ઉંમર ૨૫ વર્ષનાએ તા.૧૦/૩/૨૦૨૩ ના રોજ ડોન ચોક પાસે અકસ્માત કરેલ હોય અને તેમાં ઈજા પામનાર મરણ ગયેલ હોય જે અંગે ઘોઘા પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૩૦૬૪૭/૨૦૨૩ થી ઈ.પી.કો. કલમ ૩૦૪(અ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૩૪, ૧૮૪ વિગેરે મુજબનો ગુનો દાખલ થયેલ છે અને અરજદાર/આરોપી પોતાના સગીર બાળકને જો ફોર વ્હીલ ચલાવવા માટે આપશે તો અકસ્માત થઈ શકે છે તેવું જાણતા હોવા છતાં સગીર વયના દીકરાને પોતાની ફોરવ્હીલ ચલાવવા માટે આપેલ અને સદરહું અકસ્માત થયેલ છે અને સગીર વયના દીકરાએ હાલના કેસની હકીકત મુજબ પોતે સગીર વયની ઉંમર હોવા છતા તેના મિત્ર સાથે રેસમાં ઉતરી મરણજનારનું મૃત્યુ નિપજાવેલ છે. તેમજ અરજદાર/આરોપી તેમની અરજીમાં જણાવતા હોય કે પોતે ઘરે સુતા હતા ત્યારે પોતાનો દીકરો પોતાની ફોરવ્હીલ લઈને જતો રહેલ હતો પરંતુ પોતાના દીકરા સગીર વયના પોતાના ઘરેથી ફોરવ્હીલ લઈને નીકળે છે અને નિર્દોષ વ્યકિતઓના તેમના વાહન ધ્વારા મોત નીપજાવે છે અને અરજદાર/આરોપીને તેમના સગીર વયના દીકરા ઘરેથી ફોરવ્હીલની ચાવી લઈને નેકળેલ હોય તો પિતાને જાણ ન હોય તે હકીકત માની શકાય તેમ નથી કારણ કે અકસ્માત થયાનાં ૧૦ થી ૧૫ મીનીટ બાદ અરજાદર/આરોપીની હાજરી અકસ્માત સ્થળે છે અને ફરિયાદીએ રજુ કરેલ

ફોટામાં સ્પષ્ટ દેખાઈ આવે છે જેથી અરજદાર/આરોપીની મરજીથી જ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તેના સગીર વયના ભાઈ સાથે ફોરવ્હીલ લઈને નીકળેલ હતા. તેમજ તપાસ દરમિયાન સી.સી.ટી.વી. કેમેરા જોતા તેમજ એફ.એસ.એલ. અભિપ્રાય આધારે તેમજ સાહેદોના નિવેદનો લેતા આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તેના મિત્ર ફેઝાન સાથે રેસમાં કાર ચલાવતા હોવાનું અને પોતાની કાર ફુલ સ્પીડમાં હોવાનું જણાઈ આવેલ છે અને કાયદાના સંઘાર્ષમાં આવેલ કિશોરને ફોરવ્હીલ ચલાવવા આપેલ હોવાનું જણાઈ આવતા ઈ.પી.કો. કલમ ૩૦૪ તથા મોટર વેહીકલ એકટની કલમ ૧૮૧(૩), ૧૮૯, ૧૯૯–એ(૧) થી ૧૯૯–એ(૫)નો ઉમેરો કરવા માટે નામ. કોર્ટને રીપોર્ટ કરેલ અને તે રીપોર્ટ ગ્રાહય રાખવામાં આવેલ છે અને હાલના અરજદાર/આરોપી પોતે પોતાનો દીકરો સગીર હોય તેમજ પોતાના દિકરા પાસે વાહન ચલાવવા બાબતેનું કોઈપણ પ્રકારનું કાયમી કે લર્નીગ લાઈસન્સ ન હોવાનું જાણવા છતા પોતે પોતાની માલિકીનું વાહન પોતાના દિકરાને પોતાની મુક સંમતિથી ચલાવવા આપેલ હોય માનવ જીંદગી ખુબ જ કિંમતી હોય અને અવાર–નવાર સગીર વયના બાળકો ધ્વારા વાહન ચલાવી અકસ્માત સર્જતા હોય તેવું અરજદાર/આરોપી પોતે જાણતા હોય તેમજ આ કેસના અરજદાર/આરોપી એક શિક્ષિત વ્યીકત હોય અને પોતાના મોટા દિકરાએ ત્રણ મહિના પહેલા જ જીવલેણ અકસ્માત સર્જી એક આશાસ્પદ યુવાન ધ્રુવભાઈ અનિલભાઈ ગોહીલને અકસ્માત સર્જી મૃત્યુ નીપજાવેલ છે તે એફ.આઈ.આર.ની નકલ આ સાથે સામેલ છે. આમ, દરેક પરિવારના જવાબદાર વ્યકિતની પોતાના સંતાનોને સારી અને યોગ્ય સમજ આપવાની ફરજ છે તેમજ આ ગુન્હામાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે પોતાના મિત્ર સાથે રેસ લગાડતા રેસ દરમિયાન મરણજનાર સુરેશભાઈ જયમતમલ કુકરેજાનું મૃત્યું નિપજાવેલ હોય

અને તેના પિતા આ કામના અરજદાર/આરોપીએ પોતાના સગીર વયના પુત્રને કાર ચલાવતા શીખડાવેલ અને ગુન્હા સમયે કારની ચાવી આપી મોકલેલ હોય જેથી તેઓએ કિશોરને ગુન્હો કરવામાં મદદગારી કરેલ છે અને કિશોરે જાહેર રસ્તા ઉપર રેસ ન લગાડાય તે જાણતા હોવા છતાં પુરપાટ ઝડપે ચલાવી ગુન્હાહિત મનુષ્ય વધ કરેલ છે અને અરજદાર/આરોપીએ ચાવી આપી મદદગારી કરેલ છે તે તમામ હકીકતો ઘ્યાને લઈ હાલની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

વધુમાં, વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કેરલ છે કે, આ કામના મુળ ફરિયાદીએ આંક-૬ થી લેખિત વાંધા જમની અરજી સંબંધે આપેલ છે જે વાંધા ઘ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંન્ને પક્ષના વિ.વ.શ્રીની રજુઆતો ઘ્યાને લીધી. તપાસ કરનાર અધિકારીનું આંક-૫ નું સોગંદનામું વંચાણે લીધુ. મુળ ફરિયાદીના લેખિત વાંધા આંક-૬ થી રજુ છે જે વંચાણે લીધા. અરજીની હકીકત ઘ્યાને લીધી. અરજી સાથે રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.

પોલીસ પેપર્સમાં રજુ ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતાં, ફરીયાદી સાહિલભાઈ સુરેશભાઈ કુકરેજા નાઓએ પોલીસ રૂબરૂ ફરીયાદ હકીકત લખાવેલ છે કે, તા.૧૧/૦૬/૨૦૨૩ ના રોજ સવારના છએક વાગ્યના સમયે તેઓ ઘરે હતો અને તેમના પપ્પા સુરેશભાઈ જયમતમલ કુકરેજા, ઉ.વ.૫૬ નાઓ તેમની સફેદ કલરની એકટીવા મોટર સાયકલ જેના રજીસ્ટર નં.જી.જે.૦૪ બી.એન.૪૫૯૩ ની લઈને ઘરેથી નીકળી ભાવનગર માર્કેટીંગ યાર્ડ ખાતે શાકભાજી લેવા જતા હતા અને આશરે સાડા છએક વાગ્યાના સમયે તેમના ફોનમાં તેમના મિત્ર પંકજભાઈ અરજણભાઈ કટારીયાનો ફોન આવેલ અને તેણે કહેલ કે તારા પપ્પા સુરેશભાઈનું પાણીની ટાંકીથી જ્વેલર્સ સર્કલ તરફ જતા રોડ ઉપર આવેલ સરોવર પોર્ટીકો હોટલની સામે સ્વીફટ

ગાડી સાથે એકસીડન્ટ થયેલ છે તો તું અહી આવ તેમ વાત કરતા તેઓ ત્યાં ગયેલ તો સ્વીફ્ટ ફોરવ્હીલ જેના રજી. નં.જી.જે.૦૧ સી.એ.૬૦૦૩ ત્યાં હતી અને તેના ડાબી સાઈડમાં આગળના ટાયરની પાસે આ તેમના પપ્પાની મૃત હાલતમાં લાશ પડેલ હતી અને લોહી નીકળતું હતું અને તેમના સગા–સંબંધીઓ પણ ત્યાં આવી ગયેલા હતા અને સ્વીફ્ટ કારનો ચાલક ત્યાં હાજર હોય તેનું નામ પુછતા અબ્દુલ રહેમાન હનીફભાઈ તેલીયા, રહે. શિશુવિહાર સર્કલ પાસે, ભાવનગર હોવાનું જણાવેલ અને તે સગીર વયનો હોય અને આ વખતે ભેગા થયેલ માણસોમાંથી કોઈએ ઈમરજન્સી ૧૦૮ બોલાવેલ હોય અને ૧૦૮ આવતા ફરિયાદીના પપ્પા મરણ ગયેલ હોવાનું જણાવેલ અને ત્યાં હાજર માણસો ધ્વારા તેઓને જાણવા મળેલ કે, સ્વીફ્ટ કારનો ચાલક પોતાની ફોરવ્હીલ પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવી પાછળથી તેમના પપ્પાની એકટીવા સાથે ભટકાડી ઢસડી ગંભીર ઈજા કરતા ફરિયાદીના પપ્પા સ્થળ ઉપર જ મરણ ગયેલ છે અને ત્યારબાદ ફરિયાદીના પપ્પાની લાશ પી.એમ. કરાવવા સારું સર.ટી.હોસ્પીટલ લાવેલ અને તેમના પપ્પાની લાશનું પી.એમ. કરાવેલ છે આમ, બનાવ બનવાનું કારણ ફરિયાદીના પપ્પા એકટીવા મોટર સાયકલ લઈ માર્કેટીંગ યાર્ડ ખાતે જતા હતા બનાવવાળી જગ્યાએ સ્વીફ્ટ કાર રજી.નં. જીજે ૦૪ સીએ ૬૦૦૩ નો સગીર વયનો ચાલક અબ્દુલરહેમાન હનીફભાઈ તેલીયા ચલાવતા હતા અને તેઓ પાસે સ્વીફ્ટ કાર નં.જીજે ૦૪ સીએ ૬૦૦૩ ચલાવવાનું કાયદેસરનું લાયસન્સ તેઓ સગીર હોવાથી સ્વાભાવિક પણે ન હોવા છતાં તેઓ ફોરવ્હીલ ગાડી લઈ બનાવવાળા સ્થળે પુરઝડપે બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે વાહન ચલાવેલ તેના કારણે ફરિયાદીના પપ્પાના એકટીવા સાથે કાર અથડાતા ફરીયાદીના પિતાનું સ્થળ ઉપર મૃત્યુ નિપજેલ છે અને બનાવવાળા સ્થળે ચાલક હાજર હતા તે વખતે બાળકિશોરનું નામ જે જાણેલું

તે ફરીયાદમાં જણાવેલ છે અને તે ફરીયાદના આધારે ગુનાની તપાસ કરેલ છે અને તપાસમાં એવી હકીકત ખુલેલ છે કે, હાલની અરજીના અરજદાર/આરોપી એ બાળકિશોરના વાલી છે અને તેઓએ તા.૧૧/૦૬/૨૦૨૩ ના રોજ પોતાના સગીર વયના દિકરાને સ્વીફ્ટ કારનો આંટો મારવા કારની ચાવી આપેલી અને તે સ્વીફ્ટ કાર હાલની અરજીના અરજદાર/આરોપીના સગીર વયના દિકરા તેમના મિત્ર સાથે આંટો મારવા નીકળેલા અને તપાસમાં એવી પણ હકીકત ખુલેલ છે કે, હાલની અરજીના અરજદાર/આરોપીના દિકરા કાર ફુલ સ્પીડમાં ચલાવી કાર રેસીંગ કરતા હતા અને તે બાબતે ત.ક.અધિકારીએ સી.સી.ટી.વી. ફુટેજ તપાસના કામે મેળવેલ છે તેમજ તપાસના કામે તા.૧૧/૦૬/૨૦૨૩ ના રોજ લીલારામ દાદુમલ રામરખીયાણીનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે અને તેમાં એવી હકીકત તપાસમાં ખુલેલ છે કે, બંન્ને ફોરવ્હીલ ચાલકો પુરઝડપે અને બેફીકરાઈથી એકબીજાની હરીફાઈમાં આગળ પાછળ તથા બંન્ને સાથે રોડ ઉપર ચલાવતા હતા અને સાહેદ હિમાલીયા મોલથી આગળ સરોવર પોર્ટીકો પાસે પહોંચતા ત્યાં અકસ્માત થયેલ છે અને સદર સાહેદે બંને ફોરવ્હીલ પુરઝડપે અને તેમની બાજુમાંથી નીકળી ગયેલ અને સાહેદ પોતે રોડની સાઈડમાં થઈ ગયેલ અને બે કારચાલકો રેસીંગ કરતા હોવાનું સાહેદે જોયેલ છે અને ત્યારબાદ સુરેશભાઈ સાથે ફોરવ્હીલનો અકસ્માત થયેલ તે તેમણે નજરે જોયેલું. આમ, બનાવ નજરે જોનાર સદર સાહેદનું નિવેદન જોતા અરજદાર/આરોપીના ના સગીર વયના દિકરા/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર કાર રેસીંગ કરતા હોવાનું પણ તપાસમાં ખુલેલ છે અને હાલની અરજીના અરજદાર/આરોપી પોતાના સગીર વયના બાળકને લાયસન્સ ન હોવા છતાં ફોરવ્હીલ ચલાવવા માટે આપશે તો અકસ્માત થઈ શકે તેવું જાણતા હોવા છતાં પોતાની ફોરવ્હીલ ચલાવવા માટે આપેલ જેના કારણે નિદોર્ષ વ્યકિતનું મૃત્યુ નિપજેલ

છે અને અરજદાર/આરોપી પોતે બનાવ સમયે ઘરે સુતા હતા તે હકીકત માની શકાય તેમ નથી કારણ કે, તપાસમાં તેમના દિકરાને ફોરવ્હીલ ગાડી તેના પિતાએ આપેલી તેવું પણ તપાસમાં ખુલેલ છે અને પોતાના દિકરાએ અકસ્માત કર્યો તેના માટે મોટર વ્હીકલ એકટની કલમ–૧૯૯(એ) મુજબ બાળકિશોરના વાલી પણ ગુન્હાહિત કૃત્યુ માટે કાયદેસર જવાબદાર ઠરે છે તેવી જોગવાઈ છે અને અરજદાર/આરોપી પોતે સગીર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરના વાલી છે અને તેઓએ ફોરવ્હીલ ગાડી તેમના દિકરાને આપેલ છે તેવું તપાસમાં ખુલેલ છે અને અરજદાર/આરોપી પોતે શિક્ષીત છે તેવું પણ તપાસમાં ખુલેલ છે અને પોતાની માલિકીનુ વાહન પોતાની મુકસંમિતથી ચલાવવા આપેલ હોવાને કારણે ગુનાહિત કૃત્ય માટે તેટલા જ જવાબદાર કાયદાકીય જોગવાઈ મુજબ પ્રથમદર્શનીય રીતે જણાય છે અને તપાસમાં એવી પણ હકીકત ખુલેલ છે કે, અરજદારના બીજા દિકરાએ પણ આ જ પ્રકારનો ગુનો કરેલ છે અને દિકરા વિરુધ્ધ પણ ઈ.પી.કો.કલમ–૩૦૪(એ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૩૪, ૧૮૪ મુજબના ગુનાઓ કરેલ હોવાનું તપાસમાં ખુલેલ છે અને અરજદાર/આરોપી સુશિક્ષિત હોવા છતાં પોતાના સગીર વયના બાળકને પોતાની માલિકીનું વાહન ચલાવવા આપી ગુનાહિત કૃત્ય કરવામાં મદદગારી કરેલ છે અને અરજદાર/આરોપીના સગીર વયના દિકરાએ જાહેર રસ્તા ઉપર રેસ લગાડી એક નિર્દોષ વ્યકિતનું મૃત્યુ નિપજાવી મનુષ્યવધ કરેલ હોવાનું પણ તપાસમાં ખુલેલ છે અને હાલની અરજીના અરજદાર/આરોપીના એક પુખ્ત વયના દિકરા અબ્દુલમોહમદ તેલીચાએ થોડા મહિના પહેલા એક નિદોર્ષ આશાસ્પદ યુવાન ધ્રુવભાઈ અનીલભાઈ ગોહિલ ઉ.વ.૨૪ નાઓનું મૃત્ય નિપજાવેલ છે અને હાલના કેસમાં અરજદાર/આરોપીના સગીર વયના દિકરા પાસે કોઈપણ પ્રકારનું લાયસન્સ ન હોવા છતાં પોતાની માલિકીનું વાહન પોતાના દિકરાને મુકસંમતિથી ચલાવવા

આપી અન્ય એક નિર્દોષ વ્યકિતનું મૃત્ય નિપજાવેલ છે અને અરજદાર/આરોપી પોતે પોતાના બાળકોને સારી અને યોગ્ય સમજ આપવાની ફરજ હોવા છતાં પોતાની ફરજ ચુકી તેમના સગીર વયના દિકરાને તેના મિત્ર સાથે રેસ લગાડવા માટે પોતાના માલિકીના વાહનની ચાવી આપી અને તે વાહન ધ્વારા રેસ લગાડી અરજદાર/આરોપીના દિકરાએ સુરેશભાઈ જમયતમલ કુકેરાજાનું મૃત્યુ નિપજાવેલ છે અને અરજદાર/આરોપી પોતાની વાલી તરીકેની ફરજ નિભાવેલ નથી અને પોતાના સગીર વયના દિકરાને કાર ચલાવવા શીખવાડેલ છે અને ગુનાના સમયે કારની ચાવી આપી ગુનાહિત કૃત્ય કરવામાં મદદગારી કરેલ છે અને સદર ગુન્હાના કામે ચાર્જશીટ થઈ જવાથી કોઈ સંજોગો બદલાયેલ હોય તેવું જણાઈ આવતુ નથી અને અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ જામીન અરજીના તબકકે પુરાવાનું મુલ્યાંકન કરવાની જે દલીલો કરેલ છે તે પુરાવાનું મુલ્યાંકન જામીન અરજીના તબકકે થઈ શકે નહીં તેથી ઉપરોકત તમામ ચર્ચાના આધારે અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની અરજદાર/ આરોપીના વિ.વકીલશ્રીની દલીલ કાયદેસરની ન હોય, તે ગ્રાહય રાખવામાં આવતી નથી અને ઉપરોકત ચર્ચાના આધારે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>– :: હુકમ ::–</u>**

(૧) અરજદાર/આરોપીની હાલની ફો.પ.અ.નં.૧૧૬૫/૨૦૨૩ રેગ્યુલર જામીન પર મુકત થવા માટેની અરજી આથી નામંજુર કરવામાં આવે છે

આજ રોજ તારીખ ૨૦'મી, માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૦/૦૯/૨૦૨૩**
**ભાવનગર.**

**(શ્રીમતી આશા નિલેષકુમાર અંજારીયા)**
**એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,**
**ભાવનગર.**
(Code No.GJ00348)

Bhavik